CEPT UNIVERSITY
CENTRE FOR URBAN EQUITY

# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા:

## સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલેપમેન્ટ (IHD) ને ‘ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ’ ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છેઃ શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ)** : દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ

## અમદાવાદ પૉલિસી બ્રીફ ૫

## વટવા પુનર્વસન સ્થળો: મહિલાઓની જાતીય અસલામતી અને તેમના પ્રતિ હિંસા

ભારતીય શહેરોમાં વિશાળ સંખ્યામાં મહિલાઓ ઘરમાં અને ઘરની બહાર હિંસાનો સામનો કરે છે અને જાહેર સ્થળે અસલામતી અનુભવે છે. આ અનુભવ માટે પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા અને મહિલાઓ પ્રત્યે જાતીય ભેદભાવ કારણભૂત છે. જો કે, ઘરની બહાર મહિલાઓ માટે સલામત અને અસલામત સ્થળો ઉભાં કરવામાં શહેરી વિકાસ અને વહીવટની પદ્ધતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આવાસનું સ્થળ અને પ્રકાર, પૂરતી માળખાગત સુવિધાઓ અને સેવાઓની જોગવાઈ, પૂરતી અને સલામત પરિવહન વ્યવસ્થા અને જવાબદાર પોલિસવ્યવસ્થાનો આમાં સમાવેશ થાય છે. તે સરવાળે સ્રોત અને તક સુધીની તેમની પહોંચને વિસ્તારે છે કે સંકોચે છે. મહિલાઓના શહેરી અનુભવમાં વર્ગ તેમજ નાતજાત, ધર્મની સાથેસાથે લિંગભેદનો પણ સમાવેશ

થાય છે. અમદાવાદમાં શહેરના મધ્ય ભાગમાંથી વટવા જેવા છેવાડાના વિસ્તારમાં શહેરી ગરીબોના કરાયેલા પુનર્વસનને મહિલાઓની સલામતી અને સુરક્ષાને ઊંડી અસર કરી છે.

વટવાના પુનર્વસન સ્થળે રહેતી મહિલા રહીશોને પોતાના ઘરમાં તેમજ આસપાસનાં જાહેર સ્થળે અસલામતી અને ભય અનુભવાય છે. આ જાહેર સ્થળોએ, બસ અને શટલરીક્ષાઓમાં જતાં અને આવતાં તેમને સતામણીના અનુભવ થયા છે. આની અસર આસપાસમાં કે શહેરનાં અન્ય સ્થળોએ થતી તેમની આવનજાવન પર પડે છે. સ્ત્રીઓને આવી અસલામતી લાગવા પાછળ તેમજ સ્ત્રીહિંસા માટે કારણભૂત વાતાવરણ સર્જાવા બદલ શહેરી આયોજન અને વહીવટના પ્રત્યક્ષ કે પરોક્ષ એવા અસંખ્ય પરિબળો કારણભૂત છે.

### ૧. દૂર આવેલા પુનર્વસનના સ્થળ અને અપૂરતી જાહેર પરિવહન વ્યવસ્થાને કારણે આવનજાવનની અસલામતી

દૂર આવેલા પુનર્વસનના સ્થળને કારણે મુસાફરીનો સમય વધે છે. બસોની ઓછી સુલભતા, બસના આવવામાં લાગતી વાર અને કેટલાક કિસ્સાઓમાં નિર્ધારીત સ્થળે પહોંચવા માટે સીધી બસસેવાના અભાવને કારણે આમ થાય છે. શહેરના મધ્ય ભાગમાં જતી મહિલાઓએ જણાવ્યું કે જતાં અને આવતાં તેમને એક એક કલાક લાગે છે. (બસની પ્રતિક્ષાના ગાળાનો સમાવેશ આમાં થતો નથી.) શટલ રીક્ષાઓ જલ્દી મળે છે, પણ વધુ ને વધુ મુસાફરો બેસાડવા માટે ડ્રાઈવરો રાહ જુએ છે અને એ રીતે મુસાફરીનો સમય વધે છે. મહિલાઓએ જણાવ્યું કે ક્યારેક તેમણે શટલરીક્ષામાં બેસી ગયા પછી એ ઉપડે ત્યાં સુધી અડધો કલાક જેટલી રાહ જોવી પડે છે. મુસાફરીના લાંબા સમયને કારણે દિવસના અંતે પાછા વળતી વખતે મહિલાઓને ડર અને ફિકર રહે છે. બસ કે શટલ રીક્ષાના સ્ટોપથી ઘેર પાછા ફરતી વખતે તેમને પોતાની સુરક્ષા બાબતે અસલામતી અનુભવાય છે. એક મહિલાએ કહ્યું: “મને બીક રહે છે કે વાહન ક્યારે મળે, હું ઘેર પહોંચું...કોઈક મને પકડી અને કંઈક કરી દેશે તો?”

ખાસ કરીને યુવાન મહિલાઓને બસ તેમજ શટલ રીક્ષાઓમાં ભીડને કારણે જાતીય સતામણીનો ડર સતાવે છે અને તેમને એનો અનુભવ પણ થાય છે. છોકરીઓ અને યુવતીઓને સ્પર્શ કરવાની તકનો લાભ પુરુષો ભીડને કારણે લેતા હોય છે. ઘણી સ્ત્રીઓ શટલ રીક્ષામાં જવાનું પસંદ કરે છે, કેમ કે, એમાં તેમને બેસવા મળે છે. (બસમાં તેમણે પરાણે ઉભા રહેવું પડે છે.) જો કે, આને કારણે સતામણી સામે સલામતી મળતી નથી. આગળ ચાર અને પાછળ ચાર મુસાફરો ઠાંસેલા હોય એવી સ્થિતિમાં પુરુષ સહપ્રવાસીઓ તેમની તરફ તાકી રહીને કે સ્પર્શીને ગેરવર્તણૂંક કરે છે. ઘણા કિસ્સાઓમાં ડ્રાઈવરો પણ આવી ગેરવર્તણૂંક કરે છે. ખાસ કરીને એક બે મહિલાઓ એકલી હોય ત્યારે તેઓ મોટેથી સંગીત વગાડે છે, રીઅર વ્યૂ મીરરમાંથી તેમની તરફ તાકી રહે છે અને અતિશય ઝડપથી ચલાવે છે. દારૂ કે નશીલા દ્રવ્યના નશામાં ધૂત હોય એવા ડ્રાઈવરો મોટે ભાગે આમ કરે છે. આવા કિસ્સામાં મહિલાઓને પણ બીક લાગે છે કે આવું બેફામ ડ્રાઈવીંગ અકસ્માતને ન નોંતરે.

### ૨. અવરજવરના માર્ગે રોડના અપૂરતા માળખાને કારણે અસલામત આવનજાવન

તેમનાં કાર્યસ્થળ અને ઘર વચ્ચેના અમુક રુટ પર (જેમ કે, બીબી તળાવ રુટ) સ્ટ્રીટ લાઈટો ચાલતી નથી. શટલરીક્ષાઓમાં ઘેર પાછી ફરતી મહિલાઓની અસલામતીની લાગણીમાં આને કારણે વધારો થાય છે.

પુનર્વસન સ્થળેથી બે-ત્રણ કિલોમીટર દૂર આવેલી શાળાએ ઘણી છોકરીઓ સાયકલ પર જાય છે. તેમની સાથેની ફોકસ જૂથ ચર્ચાઓમાં તેમણે એ વિસ્તારના માર્ગ પરના ખાડાઓને કારણે અકસ્માતનો ભય દર્શાવ્યો. શિયાળામાં તેમને શાળાએ સવારના અંધારે જવાનું હોય અને સ્ટ્રીટ લાઈટો ન હોય એટલે આ શક્યતા વધી જાય.

“અમારી શાળા સુધી કોઈ બસ કે શટલ જતી ન હોવાથી અમારે સાયકલ પર જવું પડે છે. રોડ પર સ્ટ્રીટ લાઈટ નથી. સામેથી આવતા વાહનને અમે ન દેખાઈએ અને અમારી સાથે તે અથડાઈ જાય એવો ભય રહે છે.”

બપોર પછી ઘણી છોકરીઓ ટ્યુશન ક્લાસમાં પણ જાય છે અને શિયાળા દરમિયાન તે પાછી આવે ત્યારે અંધારું થઈ જાય છે. આથી ખાડાઓને કારણે તેમજ સ્ટ્રીટ લાઈટના અભાવથી અકસ્માતનો ભય રહે છે.

### 3. પુનવર્સન સ્થળોમાં અને તેની આસપાસ પ્રતિકૂળ શહેરી વાતાવરણ

બસસ્ટોપ અને શટલસ્ટોપ સુધી પહોંચવા માટે મહિલાઓ પગપાળા જાય છે. નજીકના ફેરીયાઓ અને દુકાનોમાં કરિયાણું ખરીદવા માટે પણ તેઓ ચાલતી જાય છે. કામ મળવું મુશ્કેલ છે, છતાં કેટલીક મહિલાઓએ તે મેળવ્યું છે અને પોતાના કાર્યસ્થળે (નજીકની મધ્યમવર્ગી સોસાયટીઓમાં કે પાસેના જી.આઈ.ડી.સી. ઔદ્યોગિક સંકુલમાં) ચાલતી જાય છે. નજીકની મ્યુનિસિપલ શાળામાં બાળકો ચાલીને જાય છે અને આશરે ત્રણેક કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારમાં મોટી છોકરીઓ ચાલીને કે સાયકલ પર જાય છે. પુનર્વસન સ્થળોમાં અને તેની આસપાસની જાહેર જગાઓમાં પણ મહિલાઓ હરેફરે છે અને રહે છે. પગપાળા કે સાયકલ પર તેઓ જે શહેરી વાતાવરણમાંથી પસાર થાય છે એ અનેક રીતે અતિ પ્રતિકૂળ છે. એ વિવિધ પ્રકારની હિંસા, જોખમ અને અસલામતીને પ્રેરે એવું હોય છે.

આ સ્થળોએ અને તેની આસપાસ મોટા ભાગની સ્ત્રીઓએ જાતીય સતામણી અને ચોરીનો ભય દર્શાવ્યો. કેટલીક સ્ત્રીઓ દિવસના સમયે સલામતી અનુભવે છે, પણ તમામ સ્ત્રીઓ બાબતે એમ નથી. બસસ્ટોપ પર, શટલરીક્ષાની રાહ જોતાં તેમને સલામતી લાગતી નથી. ખાસ કરીને વી.જી.જી. નગર અને સદભાવના નગરની વચ્ચે નારોલ-વટવા રોડ પરની ચોકડીઓએ આમ વધુ લાગે છે. (જુઓ નકશો). આ રોડ પર ચાલવામાં ઘણા લોકોને સલામતીનો અહેસાસ થતો નથી. પુનર્વસન સ્થળના ઘણા આંતરિક માર્ગો પણ અસલામત જણાય છે. ચાર રસ્તે પડતા સદભાવના નગરના દરવાજાની જગાને એક મહિલાએ અસલામત ગણાવી. અંધારા પછી અસલામતીની લાગણી વધુ લાગે છે અને ઘણી મહિલાઓ અંધારું થયા પછી ઘરની બહાર નીકળતી નથી. સ્ત્રીઓને લાગતી અસલામતીની આ લાગણી અને હિંસા માટે ત્રણ પરિબળોનું સંયોજન જવાબદાર છે.

**અસામાજિક પ્રવૃતિઓ**

દારૂ અને જુગારના અડ્ડાઓ તેમજ લોકો દ્વારા કરાતા ચરસ, ગાંજા અને પાઉડર જેવાં નશીલા દ્રવ્યોના સેવનથી મહિલાઓને અસુવિધા તેમજ અસલામતી અનુભવાય છે. દારૂ અને નશીલાં દ્રવ્યો લીધેલા નશાબાજો જાહેરમાં ફરતા હોવાથી મહિલાઓને અસલામતી લાગે છે. આમાંના કેટલાક માણસો લોકોને લૂંટે પણ છે, તેમજ ચાકુની અણીએ પૈસા પડાવે છે. નશાની આદતને પોષવાનાં નાણાં માટે કેટલાક લૂંટ કરવા પ્રેરાય છે.

એક મહીલા રહીશે પોતાના શેઠને આમ જણાવ્યું. તેણે કહ્યું કે પોતે કામ માટે ગમે તેટલી વહેલી આવવા તૈયાર છે, પણ સાંજે વહેલી પાછી ફરી જશે. કારણ કે આસપાસ પીધેલા અને નશીલા દ્રવ્યો લેતા પુરુષો રખડતા હોય છે. ફોકસ ગ્રૂપ ચર્ચાઓમાં પણ શાળાએ જતી છોકરીઓએ એકમતે જણાવ્યું કે આ સ્થળે તેમને હેરાનગતિનો ભય રહે છે. પોતાનાં અગાઉના રહેણાક વિસ્તારમાં હેરાનગતિ કે લૂંટફાટનો જરાય ડર નહોતો. એ સ્થળો વિવિધ પ્રકારના લોકો અને ગતિવિધિઓથી મોડી રાત સુધી ધમધમતાં રહેતાં.

લૂંટફાટ અને ગેરકાયદે પ્રવૃત્તિઓને શહેરી આયોજન અને વહીવટ સાથે અનેક રીતે સંબંધ છે. પુનર્વસન અભિગમને કારણે આવનજાવનની મુશ્કેલી તેમજ તાણગ્રસ્ત આજીવિકા ઉભી થઈ છે. આવનજાવનની મુશ્કેલીને કારણે ઘણા યુવાનો પોતાના કાર્યસ્થળે જઈ શકતા નથી. એને બદલે તેઓ આસપાસ રખડ્યા કરે છે, અનૈતિક તેમજ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાય છે અને રસ્તે જતી સ્ત્રીઓને હેરાન કરે છે. તાણગ્રસ્ત આજીવિકાને કારણે પુરુષો પણ નાણાં ખાતર ગેરકાયદે પ્રવૃત્તિઓ તરફ હડસેલાય છે. દરમિયાન પુનર્વસન ફાળવણીની પ્રક્રિયાએ સામાજિક ભંગાણ ઉભું કર્યું છે. તેને લઈને આંતરિક સામાજિક નિયંત્રણનો અભાવ પેદા થયો છે, જે આવી ગતિવિધિઓ અને વર્તણૂકને ઉત્તેજન આપે છે. ફાળવણી પ્રક્રિયાએ વિવિધ વિસ્તારના ગુંડાઓને એક જ વિસ્તારમાં ભેગા કર્યા છે, જેને કારણે ગેરકાયદે પ્રવૃત્તિઓ બાબતે તેમની વચ્ચે વર્ચસ્વ સ્થાપવાની સ્પર્ધા થાય છે. હિંસક રીતે તેનો નિકાલ કરવામાં આવે છે, જેને કારણે સમગ્રપણે અસલામતી અને ભયનું વાતાવરણ પેદા થાય છે. (આ બાબતે વધુ વિસ્તારથી જાણવા માટે પોલિસી બ્રીફ ૩ અને ૪ જુઓ.)

પુનર્વસન ફાળવણી પ્રક્રિયાને કારણે પુનર્વસન સ્થળોએ ઘણા ફ્લેટો ખાલી પડ્યા છે. આ ખાલી મકાનોના નબળા વહીવટને કારણે ઘણા ફ્લેટોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલી રહી છે. (એ નોંધવું રહ્યું કે ઘણા ખાલી ફ્લેટો પર ગરીબ પરીવારોએ કબજો જમાવી દીધો છે. શહેરમાં પરવડે એવા આવાસની ખોજમાં તેઓ હતા. આમ, આ મકાનોના નબળા વહીવટને કારણે સૌથી જરૂરી એવી આવાસની સુવિધાને સરળ બનાવી દીધી છે. શહેરી આયોજનના સંદર્ભે જોઈએ તો શહેરના ગરીબોને પૂરતાં અને પોષાય એવાં મકાનો તે પૂરાં પાડી શક્યું નથી.) સામાજિક સુવિધાઓ માટેની ખુલ્લી જગાઓ પર બાંધવામાં આવેલાં ખોખાં પણ મોટે ભાગે અ.મ્યુ.કો. દ્વારા ખાલી છોડાયેલા છે. (નવમાંનાં બે મકાન જ ઉપયોગમાં છે. એક આરોગ્ય કેન્દ્ર તેમજ એક આંગણવાડી તરીકે). આમાંના ઘણા છાશવારે ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે કબજે કરી લેવાય છે.

### ઉજ્જડ વિસ્તારો અને શેરીઓ

પુનર્વસન સ્થળોમાં અને તેની આસપાસ ઉજ્જડ વિસ્તારોને કારણે અસલામત વાતાવરણ સર્જાયું છે. ઘણી મહિલાઓએ જણાવ્યું કે વી.જી.જી. નગર અને સદભાવના નગર વચ્ચેના ચાર રસ્તા પર આવેલું બસસ્ટોપ રાતના દસ વાગ્યા પછી ઉજ્જડ બની જાય છે. આ ચાર રસ્તાના બન્ને ખૂણે આવેલા ખાલી, અણવિકસીત પ્લોટને કારણે આમ થાય છે. એથી ઉલટું મુખ્ય રોડના બીજા છેડે ફેરીયાઓનું બજાર છે. તે પ્રમાણમાં સલામત છે.

### માળખાગત ખામીઓ

માળખાગત ખામીઓને કારણે લૂંટ તેમજ મહિલાઓ પ્રતિ હિંસાના વાતાવરણને ઉત્તેજન મળે છે. આ વિસ્તારમાં સલામતી અંગેના મહિલાઓના દૃષ્ટિકોણને પણ તે અસર કરે છે. સ્ટ્રીટ લાઈટોનો અભાવ તેમજ મુખ્ય માર્ગો તથા પુનર્વસન સ્થળોએ બરાબર ન ચાલતી સ્ટ્રીટ લાઈટોને કારણે મહિલાઓ અસલામતી અનુભવે છે. મહિલાઓને લાગે છે કે અંધારામાં હુમલો અને હેરાનગતિ થવાની શક્યતાઓ વધુ હોય છે.

### ઘર પણ અસલામત

માબાપને પણ લાગે છે કે બાળકોને, ખાસ કરીને બાળકીઓ અને કુંવારી યુવતીઓને એકલી ઘેર મૂકીને જવું અસલામત છે. તેમના અગાઉનાં રહેઠાણોમાં આમ નહોતું. કે.બી.ટી. નગરના એક ફ્લેટમાં ત્રણ વર્ષની એક બાળકી પર બળાત્કાર થયો હોવાની ઘટનાનો ઉલ્લેખ ઘણા બધાએ કર્યો. અસલામતીના આ વાતાવરણનું કારણ પોતાના પાડોશીઓને ન ઓળખતા લોકો અને અહીં ભાડે રહેતા એકલા લોકો છે. આનો સીધો સંબંધ પુનર્વસન ફાળવણીની પ્રક્રિયા સાથે છે, જેને કારણે સામાજિક ભંગાણ ઉભું થયું છે. પુનર્વસનના અભિગમ સાથે પણ તેનો

સીધો સંબંધ છે, જેમાં પુનર્વસન દૂરનાં સ્થળોએ કરવામાં આવ્યું છે, જે ઘણા માટે ઈચ્છનીય કે યોગ્ય નથી. તેમણે પોતાને ફાળવેલો ફ્લેટ ભાડે આપવો પડે છે અને પોતે શહેરના મધ્ય ભાગમાં રહેવા માટે પાછા જવું પડે છે.



**એક મહિલા મુખ્ય ક્રોસ રોડ પર બસ અને શટલ રીક્ષા સ્ટોપ પર સદભાવના નગર અને વી.જી.જી.નગરની વચ્ચે**

### ૪. સલામતીનું નબળું સંચાલન

ખોટાં કાર્યોમાં સંડોવાયેલા લોકોને ઉત્તેજન આપવાની પોલિસની નીતિ બાબતે મહિલાઓએ ચિંતા વ્યક્ત કરી. ગેરકાનૂની પ્રવૃત્તિઓ તેમજ ગુંડાઓને નાથવામાં નિષ્ફળતા અને ઘણી ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં તેમની સામેલગીરીને કારણે એવી છાપ પડે છે કે આ સ્થળોએ બધું તેમની દેખરેખ હેઠળ થાય છે. લૂંટ પણ બહુ સામાન્ય છે, કેમ કે, પોલિસ તેમના પર પૂરતાં પગલાં લેતી નથી. મહિલા પોલિસની ગેરહાજરી બાબતે પણ સ્ત્રીઓ ચિંતા વ્યક્ત કરે છે, કેમ કે, તેમની હાજરીમાં પોલિસ સાથે યોગ્ય રીતે વાત કરી શકાય. ઘણાએ એમ જણાવ્યું કે ફરિયાદ નોંધાવવા જઈએ ત્યારે પોલિસ ગમે એવી જબાન વાપરે છે. ઘરેલુ હિંસાની મહિલાઓની ફરિયાદ પોલિસ અવગણે છે.

પુનર્વસનના અભિગમ અને પ્રક્રિયાને કારણે તાણગ્રસ્ત જીવનશૈલી તેમજ સામાજિક ભંગાણ ઉદભવ્યાં છે. આથી એવી સ્થિતિ થઈ છે કે કોઈ પણ પ્રકારનું કાનૂની તથા અસરકારક ઔપચારિક (જેમ કે, રહીશોનું મંડળ) કે અનૌપચારિક સંચાલનમાળખું સ્થાપવું પડકારજનક બની રહ્યું છે. આવું માળખું આ પુનર્વસન સ્થળોએ અને તેની આસપાસ મહિલાઓ માટે સલામતીનું વાતાવરણ ઉભું કરી શકે.

### પૉલિસીની ભલામણો

પુનર્વસન સ્થળોએ મહિલાઓની સલામતીને લગતા મુદ્દાઓને ધ્યાનમાં લેતાં પુનર્વસનનાં સ્થળોએ બે સ્તરની નીતિઓ ઘડાવી જોઈએ- શહેરી સ્તરની અને જે તે સ્થળના સ્તરની સ્થાનિક નીતિઓ.

**શહેરી સ્તરની નીતિઓ:**

- વિસ્થાપન બને એટલું ઓછું થવું જોઈએ. વિકાસને લગતા નિર્ણયો એ બાબતને ધ્યાનમાં રાખીને લેવાવા જોઈએ કે તેનાથી જૂજ લોકોનું વિસ્થાપન થાય. વિસ્થાપનના કારણે મહિલાઓ માટે કેવાં કેવાં જોખમ પેદા થશે. એને પણ ધ્યાનમાં રાખી વિસ્થાપન વિશે નિર્ણય લેવાવો જોઈએ.
- મહિલાઓને શહેરમાં આવનજાવન માટે યોગ્ય, પોષાય એવી અને સલામત જાહેર પરિવહન વ્યવસ્થાની જોગવાઈ કરવી જોઈએ.
- પોષાય એવી તેમજ સુનિયંત્રિત વચગાળાની પરિવહન પ્રણાલિ શહેરમાં વિકસાવવી. તેનાથી છેક છેવાડા સુધી જાહેર પરિવહનના રુટની સલામતભરી જોગવાઈ કરી શકાય.

**સ્થાનિક સ્તરની નીતિઓ:**

- સુધારેલા માર્ગો અને તેને સંબંધિત માળખાકીય સવલતો, જેમ કે, સ્ટ્રીટ લાઈટો.
- અ.મ્યુ.કો., પોલિસ અને રહીશો વચ્ચે ભાગીદારી ઉભી કરવી. તેને કારણે શેરીઓ સારી રીતે જળવાશે અને સલામત બનશે તેમજ જે તે સ્થળમાં અને તેની આસપાસ અન્ય ખુલ્લી જગાઓ પણ સલામત બનશે. આ પ્રક્રિયામાં મહિલાઓની સહભાગિતા અને હિસ્સેદારી અગત્યની છે.
- પોલિસની સેવાઓ સુલભ બનવી જોઈએ. તે અસરકારક તેમજ પ્રતિભાવ આપે એવી હોવી જોઈએ. ખાસ કરીને મહિલાઓ સહિત અસલામતી અનુભવતા લોકોને અગ્રક્રમે સલામતી પૂરી પાડે એવી હોવી જોઈએ.
- સ્વનિર્ભર બનવામાં તેમજ હિંસાનો સામનો કરવા માટે સક્ષમ બનાવવામાં સામાજિક સંસ્થાઓ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. રાજ્યે સામાજિક સંસ્થાઓના આ કાર્યને સક્રિયપણે સહયોગ આપવો જોઈએ.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા
* અનૌપચારિક વાતચીત
* ૧૧ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs)
* ૭ અનૌપચારિક ગ્રુપ ડિસ્કશન્સ (GDs)
* ૩૫ વ્યક્તિગત ચર્ચા
* કુલ ૫૧ પુરુષો અને ૫૩ સ્ત્રીઓએ FGDs, GDs અને વ્યક્તિગત ચર્ચામાં ભાગ લીધો.
* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો
* માસ્ટર્સ થિસીસ: પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત FGDs (૪૬ સ્ત્રીઓ)

Funded by

CEPT UNIVERSITY | CENTRE FOR URBAN EQUITY — UKaid from the British people — IDRC | CRDI International Development Research Centre / Centre de recherches pour le développement international — Canada

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009

ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473

વેબસાઈટ : www.cept.ac.in/cue ઈમેલ: cue@cept.ac.in